## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

### સલામી સવારની..

મસરતનાં કર્તૂતો મુફતીની મસલતે ચાલે છે,
પીડીપી-ભાજપી સરકાર કસરતે ચાલે છે,
ખસલત અલગતાવાદીઓ ભૂલશે ન કદી -
વાંધા - વિરોધે રાજનાથની નસિયત ચાલે છે..
(કાશ્મીરમાં - પાકિસ્તાન જિંદાબાદ!)

### હાઇકુ

પેટમાં પેસી
આતંકી-નક્ષલીના
પગ-પહોળા..
(દેશનાં જ દુશ્મનો..)

સુગંધ સારી,!
નિકળી ચાંદી વાળી -
'આમ'ની પેટી..
(આપ માં ખટપટો)

### ચિંતન

**પિંડે પિંડિ મર્તિભિન્ના કુંડે કુંડે નવં પયઃ । જાતૌ જાતૌ નવાચારા, નવા વાણી મુખે મુખે ॥**

પિંડે-પિંડે એટલે કે શરીરરુપી પિંડ-એટલે કે દરેક વ્યક્તિએ - વ્યક્તિ બુદ્ધિનું પ્રમાણ અલગ-અલગ હોય છે. બધા મનુષ્યોમાં બુદ્ધિ એક સમાન નથી હોતી.

પાણીના કુંડ-ગરમ-ઠંડા-પવિત્ર કોઇ ક્ષાર વાળા - એમ દરેક કુંડમાં પાણીના સ્વાદ-મહત્ત્વ પણ અલગ-અલગ હોય છે,

દરેક-જ્ઞાતિ-જાતિઓનાં સંસ્કાર અને રીતરિવાજ - લગ્ન-જન્મ-મરણ વગેરેના આચારવિચાર કર્મકાંડ પણ અલગ અલગ પ્રકારના હોય છે.

અને જેટલા મોઢાં એટલી નવી વાત - કોઇ અપમૃત્યુ થયું હોય આપઘાત કે અકસ્માત પણ એમનાં પરિવારજનો કંઇક કહે છે - મિત્રો પણ કંઇક અલગ અનુભવના અનુમાન કહે છે, સમાજ જુદું કહે પોલીસની જીભ પણ અનેક પ્રકારની વાત કરે - જયાં સુધી સત્ય આપોઆપ બહાર નથી આવતું ત્યાં સુધી અનુમાનની વાણી વ્યાપ્ત કરે છે.

દરેક વ્યક્તિમાં બુદ્ધિનું સ્તર અલગ દરેક જમીન પર પાણીના પ્રકાર અલગ-સમાજોના રિતરિવાજ અલગ જેટલાં મુખ એટલી વાણી...

### સુવિચાર

- માનવીય અભિગમ વગરનું કાર્ય વેઠ બની શકે, વૈતરુ બની શકે, 'લપ' બની શકે, 'સંપેતરું' બની શકે પણ આનંદદાયક કર્મ ન બની શકે - એસ. ભટ્ટાચાર્ય
- કોઇ પણ કાર્યની સફળતામાં મોટાભાગે માણસમાં રહેલા પરાક્રમ પર આધાર રાખે છે.. તેની પાસેનાં સાધનો શું છે તેની ઉપર નહીં - રતન ટાટા
- તમારી સંવેદના કોઇની સંજીવની બની શકે એમ હોય તો એ મોકો કદી ગુમાવશો, કારણ કે એ સમયે જ સ્નેહ સાર્થક થતો હોય છે - કાન્તિ ભટ્ટ
- ગુસ્સે થવું ખૂબ સહેલું છે, પરંતુ ખરા માણસ ઉપર, ખરી હદ સુધી, ખરે સમયે, ખરા કારણ માટે અને ખરી રીતે ગુસ્સે થવું એ સહેલું નથી - જ્ઞાનસૂત્ર
- જે બહારથી વાહ વાહ ઇચ્છે છે તે પોતાનો બધો જ આનંદ બીજાની મુઠ્ઠીમાં રાખે છે- સ્વીડીશ કહેવત
- 'ફેશન' અપાવવામાં કોઇ વાંધો નથી પણ 'સ્ટાઇલ'તો તમારી જ પોતાની હોવી જોઇએ - જનકલ્યાણ
- શ્રેષ્ઠ થવાનો ઉત્તમ વિકલ્પ છે એવો સંકલ્પ કરવાનો કે કોઇના વિચારો ને તમારા વિચારો પર હાવી થવા ન દો અને સંકલ્પ કરો કે 'આઇ વોન્ટુ બી. મી..' મારે મારા જેવા જ બનવું છે - નારાયણ મૂર્તિ

- (સંકલન : દીપક વી. આસરા)

### બોધ કથા

જો સ્ત્રી નિરક્ષર અને નિરાભિમાની, સંસ્કારી હોય તો સંપૂર્ણ 'પતિપરાયણ' હોય છે પરંતુ અધકચરું ભણેલી, થોડું ઘણું કમાતી અને આધુનિક સમજતી પત્ની પતિને દલીલોના શિંગડા ભરાવે છે.

મા શારદામણિ દેવી ગ્રામ્ય-સંસ્કારી-નિરક્ષર હતાં પણ 'પરમહંસ'ને સમર્પિત હતાં તેથી જ 'દિવ્યજ્ઞાન' નાં અધિકારી થયાં...

અંત સમયે જયારે કેન્સરથી પીડાતા હતા ત્યારે મા શારદાથી તેમની પીડા જોવાતી ન હતી. પતિની તંદુરસ્તી માટે શિવમંદિરમાં આમરણાંત અપવાસ પર બેઠાં - બે ત્રણ દિવસ પછી તેમને અંતરમાં દિવ્યજ્ઞાન તો દીપ પ્રગટ્યો ને જ્ઞાન થયું. હું શા માટે અપવાસની જીદ કરું છું શું સ્વામીના 'દેહ' માટે? મારી હવે કોઇ ભૌતિકવાસના નથી. હું તો પરમહંસના 'આત્મા' ને જ દિવ્યપ્રેમ કરું છું એમ વિચારી ફરી પરમહંસની પથારી પાસે આવ્યાં..

પીડાતાં દર્દભર્યાં સ્મિત સાથે મા શારદાદેવીના મસ્તક પર હાથ મૂકયો અને પૂછ્યું. 'હવે તમે સમજયાં ને શરીરને 'આત્મા' સાથે કોઇ નિસ્બત નથી આત્મા તો પરમાત્માનો અંશ છે.'

મા શારદામણિ દેવી ને થયેલું આંતરિક જ્ઞાન ને પરમહંસે પ્રતીતિ કરાવી દીધી.

મા પરમહંસના પગે માથું મૂકી ધ્રૂસકે ધ્રૂસકે રડ્યાં.

Email - sureshchandrabhatt18@gmail.com

# 'બાલ સેતુ' દ્વારા 'વિચાર વાવેતર' કાર્યક્રમ યોજાયો

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
## શબ્દ સેતુ

સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'

● સાહિત્ય અવસર સેતુ

માતૃભાષા ગુજરાતીના સાહિત્યને હરપળ - હરઘડી ધબકતું - ધબકતું રાખી, તેને જીવંત અને મહેંકતુ રાખવા, છેલ્લા ૧૮ વર્ષોથી ગાંધીનગર સાહિત્યસભા પોતાનું યત્કિંચિત યોગદાન આપી, અવારનવાર સાહિત્યિક કાર્યક્રમો ગોઠવે છે.

''સર્જકની કેફિયત'' અંતર્ગત, તા. ૧૨-૫-૨૦૧૫ને બીજા રવિવારના રોજ, ચૈત્ર માસની લાહ્ય નિરતરતી ગરમીને ઠારતા વરસાદી માહોલમાં, સંસ્થાના પ્રમુખ ભરત કવિની અધ્યક્ષતામાં, નમન એપા. સેકટર-૨૧, ગાંધીનગર ખાતે, સિનિયર સિટીઝન કાઉન્સિલના સદ્ભાવથી - તેમના કાર્યાલયમાં 'સાહિત્ય અવસર' સંપન્ન થયો.

આ સુઅવસરની શરુઆતમાં શબદની આરાધ્ય દેવી - મા શારદાની સ્તુતિ મંત્રી મૂળજીભાઇ પરમાર દ્વારા, સર્વેના ધબકતા સુરના સથવારે કરવામાં આવી. અધ્યક્ષસ્થાનેથી ભરત કવિ દ્વારા, નાટ્યવિદ અને અસાઇત સાહિત્યના તત્ત્વવિદ્ વિનાયક રાવલ અનો લોકસાહિત્યકાર પ્રો. ઘનશ્યામ ગઢવીનું હેતાવળા ઉમળકાથી ભાવ ભીનું સ્વાગત કરી, તેઓની સાહિત્ય સાધના અને અસાઇત સાહિત્યમાં તેઓના અમૂલ્ય યોગદાનને યાદ કરી, તેઓની ઓળખાણનાં ઓજસ પાથર્યાં. બંને મહેમાનનું મૂળજીભાઇ પરમાર અને સંજય થોરાત દ્વારા પુષ્પગુચ્છ પરિમલથી સ્વાગત કરી, નટવર હેડાઉ તથા હરેશ ભટ્ટ દ્વારા બંને મહેમાનોનું 'મોમેન્ટો'થી અભિવાદન કરવામાં આવ્યું. ત્યારબાદ ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે ડૉ. સોમભાઇ પટેલ દ્વારા યોજવામાં આવેલ ''લગ્નગીત સ્પર્ધા''ના બે વિજેતાઓ (૧) નિર્મલા ચૌધરી - એ.એ. પટેલ કોમર્સ કોલેજ કડી અને (૨) માલા શ્રીમાળી, એ.એસ. પટેલ બીએડ કૉલેજ, કડી ને, મહેમાન વિનાયક રાવલ દ્વારા પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં. ત્યારબાદ એપ્રિલ માસમાં જેઓના જન્મદિન આવે છે. તેવા - ૧૮ સભ્યોનાં નામો મંત્રી મૂળજીભાઇ પરમાર દ્વારા વાંચી સંભળાવ્યાં અને આવા મહાનુભાવોને સર્વે તરફથી મુબારકબાદી અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

ત્યારબાદ નાટ્યવિદ અને સાહિત્યકાર વિનાયક રાવલે, આજથી ૪૦ વર્ષો પૂર્વે, અનિરુદ્ધ બ્રહ્મભટ્ટની ઉપસ્થિતિમાં થયેલ 'અસાઇત સાહિત્ય સભા'ની સ્થાપનાની તથા આ સભા દ્વારા હાથ ધરાયેલ અનેકવિધ કાર્યક્રમો, પ્રગટ કરેલ ૧૧૦ નાટક પુસ્તકો વિશેની રસપ્રદ માહિતી રજૂ કરી. શરદ, ખેલંદો, સંતુરંગીલી, જયશંકર સુંદરીની આત્મકથા, થોડા આંસુ-થોડાં ફૂલ, જેવાં ઉત્કૃષ્ટ નાટકો પ્રગટ કર્યાં અંગેની, ૧૯૯૯માં સુજાતા મહેતા અને દિના પાઠક જેવા પીઢ કલાકારોની ઉપસ્થિતિમાં નાટ્યપરિષદ - નાટ્ય મહોત્સવ મહેસાણા ખાતે ૫૫૦ ડેલીગેટ્સની હાજરીમાં ઉજવાયેલ તે અંગે; ત્રણ ભાષામાં પ્રકાશિત કરાયેલ પુસ્તિકા બાબતે, ૧૧૦ કવિઓના કાવ્યપઠન અને તેની ઓડીઓ- વીડીયો અને ડોક્યુમેન્ટેશન બાબતે, શિવોઅહમ્ અને વિવેકાનંદ નાટકના ભજવાયેલ ૧૧ શો અંગે તથા ઊંઝા ટાઉન હોલમાં ભજવાયેલ ૧૬ એકાંકી નાટકો બાબતો, તથા ૧૯૯૯માં જોડણી પરિષદ દ્વારા ''ઊંઝા જોડણી'' ના કરાયેલ પ્રયોગ અંકે અને અને 'વાંચે ગુજરાત' અંતર્ગત તેના અંતિમ ચરણમાં; ઊંઝા ખાતે યોજાયેલ વ્યાખ્યાનો - પુસ્તકમેળા તથા પ્રાથમિક શાળામાં શરુ કરાયેલ પુસ્તકાલયો અંગે રાજય સરકાર તરફથી મહેસાણા જીલ્લાના શીરમોર જીલ્લા તરીકે અપાયેલ બહુમાન વિગેરે બાબતોની રસભર અને માહિતીસભર વિગતો રજૂ કરી, સર્વેને મંત્રમુગ્ધ કર્યા. અસાઇત સાહિત્ય સભા દ્વારા નૃત્ય, સંગીત, ચિત્ર, શિલ્પ, સ્થાપત્ય, સાહિત્ય, ફોટોગ્રાફી અને સિનેમા જેવી બહુવિધ કલાઓથી ભરપૂર એવા, એક અજોડ અને કદાચ રાજયમાં પ્રથમ એવા ત્રિમાસિક સામયિક 'કલા વિમર્શ' અંગેની માહિતી આપી, ધબકતા અસાઇત સાહિત્યથી સર્વેને અવગત કર્યા.

પ્રો. ઘનશ્યામભાઇ ગઢવીએ,ઇન્દુભાઇ, ચીનુભાઇ, લાભશંકર વિગેરે જેવા પીઢ નાટ્યવિદોના નાટકોની ઝાંખી કરાવી. સુરતના નિવાસી 'નવલશા હીરજી'ના પુરાણી તથા ભજવેલ નાટકની રસપ્રદ વાતો કરી. 'નવલશા હીરજી' નાટકના પાત્રો - નવલશા હીરજીના 'નન્નું જાન કોઠવાળી' સાથેના સંબંધો - પરણવા આંગેની કઠિન શરત, રતનશાહની ધર્મની બેન વીજલ, સુભદ્રા શેઠાણી વિગેરે બાબતે ગઢવીના બુલંદ અવાજમાં અને આગવી જુબાનમાં નાટકીય રજુઆત કરીને, સર્વેને 'નવલશા હીરજી' નાટકની તાદશ્યતાથી તથા તેઓને ના નાટકમાં પાથરેલ અભિનયમાં ઓજશથી કે.એસ. સાયગલનાં લોકપ્રિય ગીતો અને રાવજી તથા ગની દહીંવાલાની ઉત્કૃષ્ટ ગઝલો લલકારીને, પ્રો. ઘનશ્યામભાઇ ગઢવીએ બનાવ્યો અને આ કાર્યક્રમની પૂર્ણાહૂતિ તેઓએ 'ભૈરવી' થી કરી. આભાર દર્શન સંજય થોરાત દ્વારા કરવામાં આવ્યું. આમ આ એક જુદા જ પ્રકારનો - અનોખો કાર્યક્રમ; મોટી સંખ્યામાં ઉપસ્થિત સર્વેએ નાણ્યો, દિલભર માણ્યો અને હેતથી ખૂબ ખૂબ વખાણ્યો.

● ભારતીય જ્ઞાનપીઠનો ૫૦મો સર્વોચ્ચ પુરસ્કાર જાહેર

પ્રસિદ્ધ મરાઠી સાહિત્યકાર ભાલચંદ્ર નેમાડે ને એમના વિવેચન સંગ્રહ 'ટીકા સ્વયંવર' (૧૯૯૦) માટે ભારતીય જ્ઞાનપીઠનો ૫૦મો સર્વોચ્ચ જ્ઞાનપીઠ પુરસ્કાર એનાયત થશે. આ પૂર્વે પદ્મશ્રી સન્માનથી વિભુષિત નેમાડે નવલકથાકાર, કવિ અને વિવેચક તથા શિક્ષણવિદ તરીકે જાણીતા છે.

● 'ગુજરાતી આધુનિક ટૂંકી વાર્તાઓમાં પ્રયુક્તિઓનો વિનિયોગ' વ્યાખ્યાન

ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદ અને જે. એમ. શાહ આટ્ર્સ અને કોમર્સ કૉલેજ, જંબુસરના સંયુક્ત ઉપક્રમે વિ.મ. ભટ્ટ વ્યાખ્યાનમાળા અંતર્ગત નરેશ શુકલએ 'ગુજરાતી આધુનિક ટૂંકી વાર્તાઓમાં પ્રયુક્તિઓનો વિનિયોગ વિશે વ્યાખ્યાન આપ્યું હતું.'

● સંવેદના સોશિયલ ગ્રુપ નિરોકા (જિ. ભરુચ) ના ઉપક્રમે હરિવદન જોષી લિખિત નિકોરા વિશેના ગૌરવગ્રંથ 'નિકોરા દર્શન'નો લોકાર્પણ વિધિ અક્ષર બ્રહ્મ દયાનંદ સ્વામી (હીરજી પરા - કરજણ) ના અધ્યક્ષપદે યોજાયો હતો. આ પ્રસંગે જાણીતા સાહિત્યકાર, સંશોધક અને ઇતિહાસવિદ્ પ્રો. બિપિન ત્રિવેદી અને સાહિત્યકાર ડૉ. નવીનચંદ્ર ત્રિવેદી પધાર્યા હતા. આરંભમાં કૌશિક ભટ્ટે સર્વને આવકાર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રથમેશ જોષીએ કર્યું હતું.

● 'બાલ સેતુ' દ્વારા 'વિચાર વાવેતર' કાર્યક્રમ યોજાયો.

કડીમાંથી પ્રસિદ્ધ તથા 'બાલસેતુ' સામયિક દ્વારા તાજેતરમાં વાર્ષિક સમારોહ રુપે 'વિચાર વાવેતર' નામે કાર્યક્રમ યોજાઇ ગયો. જેમાં 'બાલસેતુ'ના તંત્રી ડૉ. ધર્મેન્દ્ર પી. પટેલ લિખિત 'ગાંધી રિટર્ન' નાટકની ભજવણી થઇ હતી. આ પ્રસંગે 'શ્રી વિજય સ્વામી બાળવાર્તા સ્પર્ધા, તથા પ્રેમભાવ બાળકાવ્ય સ્પર્ધા - ૨૦૧૪ના વિજેતાઓને સન્માનીત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ડૉ. રામભાઇ પટેલ ઉપરાંત ડૉ. કમલેશ ચોકસી, સંજય ભાવસાર, પ્રશાંત કેદાર જાદવ, વિજય સ્વામી, રમેશ ત્રિવેદી અને નટવર પટેલ ઉપસ્થિત રહ્યા હતા.'

● સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી લેખિકાઓની નવલિકા

ડૉ. ઉષા ઉપાધ્યાયના માર્ગદર્શનમાં સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી નવલિકામાં લેખિકાઓનું પ્રદાન : એક અધ્યયન' વિષય પર પીએચ.ડી. પદવી માટે શોધકાર્ય થઇ રહ્યું છે. આ સંદર્ભે ઇ.સ. ૧૯૪૮થી આજ સુધી જે લેખિકાઓના મૌલિક ટૂંકીવાર્તાનાં સંગ્રહ પ્રકાશિત થયા હોય અથવા સાહિત્યિક સામયિકમાં ટૂંકી વાર્તાઓ પ્રગટ થઇ હોય તેમણે - ૧. લેખિકાનું નામ, સરનામું, સંપર્ક નંબર, ઇ-મેઇલ. ૨. વાર્તાનું - વાર્તાસંગ્રહ શિર્ષક, વર્ષ, પ્રકાશક - સામાયિકનું નામ સરનામું નીચેના સરનામે મોકલવા જણાવાયું છે. પ્રો. ઉષા ઉપાધ્યાય, અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, મહાદેવ દેસાઇ સમાજસેવા મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, આશ્રમ રોડ, અમદાવાદ-૧૪, મો. ૯૪૨૬૪૧૫૮૮૭.

● પ્રવિણ જોષીના બે પુસ્તકોનું પાલનપુર ખાતે વિમોચન

બનાસ સાહિત્ય કલા સંઘ અને સ્વામી તેજાનંદ યુવા સંગઠનના સંયુકત ઉપક્રમે આંબેડકર હોલ પાલનપુર ખાતે બનાસકાંઠાના જાણીતા દલિત કવિ પ્રવીણ જોશી 'પ્રેમ'ના બે પુસ્તકો 'ચમક ચમક ચમકે તારા' (બાળગીત) અને 'સંભારણા' (પ્રેરક પ્રસંગો)નું વિમોચન જાણીતા વાર્તાકાર ડૉ. મોહન પરમારના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં જાણીતા ગઝલકાર મુસાફિર પાલનપુરી, કનુ આચાર્યા, ડૉ. સુરેન્દ્રભાઇ ગુપ્તા, લેખક દશરથ પરમાર, કવિ બાગ પાલનપુરી, પ્રૉ. એ.ટી. સિંધી, ભગવાનદાસ બંધુ, કવિ ડૉ. પિનાકિન પંડ્યા, જાણીતા વાર્તાકાર ધરમાભાઇ શ્રીમાળી, સંજય ચૌહાણ અને બાળ સાહિત્યકાર મણીલાલ શ્રીમાળી 'મિલન' ઉપસ્થિત રહ્યા હતા.

# મન વારંવાર સત્તા, શ્રીમંતાઇ તથા વૈભવના વિચારે ચડી જાય છે, કદિ ન જોયેલા, ન સાંભળેલા એવા ભોગ ભોગવવાની એષણાઓ જાગે છે, આ વિશ્વની રચના જ એવા પ્રકારની છે કે જેમાં માનવ- મગજ કેન્દ્ર સ્થાને છે તેથી તમારી પ્રબળ લાલસા જે પ્રકારની હોય, જેના માટે હોય, તે તમામ તમોને પ્રાપ્ત છે જ

## સંસ્કાર ચિંતન

- અનંત. ન. વ્યાસ

'યદા તે મોહકલિલ બુદ્ધિવર્યતિતરિષ્યતિ
તથા ગંન્તાસિ નિર્વેદ્ય શ્રોતવ્યસ્ત, શ્રુતસ્ય ચ'

'જયારે તારી બુદ્ધિ મોહરુપી કલણને સારી રીતે ઓળંગી જશે, તે વખતે તું સાંભળેલા તથા સાંભળવા બાકી રહેલા, આ લોક તેમજ પરલોક સંબંધી તમામ ભાગો પ્રત્યે વૈરાગ્ય પામીશ.'

ભગવતગીતા અ.૨ - ૫૨

કલણ એ ભૂમિની વિશિષ્ટતા છે. કલણમાં ફસાયેલ પ્રાણી પ્રયત્નો કરવા છતાં ઊંડુ ઊતરતું જાય છે. હાથપગ પછાડવા અને છૂટકારો પામવા માટેના તેના તમામ યત્નો નિષ્ફળ જ જાય છે. કલણ તેને ગળી જાય છે. આ પ્રકારની જમીનને સૌરાષ્ટ્રમાં 'ફોડા' કહે છે. ઉપલક નજરે જો તમે જુઓ તો સપાટી તદન સુકી લાગે. રેતાળ રાગે, પણ જેવો પગ મુકાયો તો તુરત કલણનું મુખ ખુલ્લે, એકવાર તેમાં ખૂંપ્યા પછી બચવાનો માત્ર એક જ ઉપાય તમામ અવયવો ઢીલા કરી તદન શાંત થઇ જવું. ને જો બાહ્ય મદદ મળે તો બહાર આવવું ભગવાન શ્રીકૃષ્ણં મોહનના સ્વરુપને આ કલણ સાથે સરખાવેલ છે. જેમ મોહમાં પડ્યા પછી ઝટ છૂટકારો થતો નથી મોહનું પ્રારંભિક સ્વરુપ તો અતિશય રમણીય આનંદપ્રદ જ લાગે છે. એ વિવિધ સ્વરુપે વ્યક્તિને ફસાવે છે. કયારેક મોહ પ્રેમના નામે - વાસ્તલ્યના નામે - મનમાં પ્રવેશે છે. સત્તા સાથે તો તેને ખાસ સંબંધ છે. ખુરશીનો મોહ કોઇથી છૂટતો નથી. મોહાધ વ્યક્તિના કર્મો અનુચિત હોય છે. આ કલણ એવું તો વિચિત્ર છે કે તેમાં પડેલાં મહાસુખ પામતા લાગે છે. તેઓ આત્મસંતોષ અનુભવે. આત્મભિમાન સંતોષાય મોહરુપી જાળ જેની આસપાસ વિંટાય છે. ગમે તે પ્રકારના મોહમાંથી છૂટવા માટે વ્યક્તિની પોતાની શક્તિની મર્યાદા નડે છે. ઇચ્છાશક્તિ મજબૂત હોય તો જ છૂટકારો પમાય. વિદુરની ગમે તેટલી સલાહ પછી પણ ધૃતરાષ્ટ્રનો મોહ કયાં ઘટ્યો હતો? ધૃતરાષ્ટ્ર તો પ્રાચિન પાત્ર છે. પણ આજના આપણા નેતાઓના પોતાના નબીરા પરત્વેના મોહના દ્દષ્ટાંતતો વારંવાર છાપામાં ચમકે છે.

ભગવાન શ્રીકૃષ્ણ આ મોહ સાગરમાંથી છૂટવાનો માર્ગ દર્શાવે છે. તે માટે છટપટવાની જરુર નથી. માત્ર શાંત ચિત્તે તે વિષે વિચારવું જોઇએ. બૌદ્ધિક તર્કો કે વિચારોના વાવંટોળમાંથી ખસી જઇ સ્થિરતાનો માર્ગ નક્કી કરવાનો છે આ માટે તમામ પરિસ્થિતિઓનો વિશદતાપૂર્વક અભ્યાસ કરવો જોઇએ. મોહમાંથી છૂટવા પ્રથમ માર્ગ જ્ઞાનનો છે. તેથી કૃષ્ણ અર્જુનના મનની ભૂમિકા પણ ધ્યાનમાં લેવાઇ છે. વનવાસ દરમિયાન પાંડવો ઋષિઓના સંપર્કમાં હતા. જ્ઞાનવાર્તાઓ થતી અર્જુનને સ્વજન પ્રત્યે મોહ જાગ્યો. તેઓનો નાશ કરવા તે તૈયાર નથી. તેથી સૌ પ્રથમ સ્વજન કોણ તેનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું. કૃષ્ણ સમજાવે છે કે દેહ તથા તેની સાથે જોડાયેલા સંબંધો અસ્થાયી છે. પરમ-તત્ત્વ જ આપણું સ્વજન છે. અને તેનો તો વિનાશ થતો જ નથી. તેથી તારો આ મોહભાવ દૂર કર. અર્જનના મનમાં ઊંડાણમાં પડેલાં જ્ઞાનબીજને અહીં પાણી મળે છે ને છોડ અંકુરિત થવા લાગે છે.

ભગવાન શ્રીકૃષ્ણ હવે કુશળ વકિલ જેમ અન્ય વિકલ્પની ચર્ચા કરે છે. જ્ઞાનયોગને જાણ્યા પછી હવે તું તારી બુદ્ધિથી કર્મયોગને જાણ - અર્જુનને પોતાની શક્તિ પર વિશ્વાસ હોય તેથી તે સકામ કર્મ કરવા પ્રેરાય તે સાવ સામાન્ય વાત છે. કૃષ્ણ આ સમજે છે. તેથી તેને જ્ઞાનયુક્ત સમજપૂર્વકનું કર્મ કરવા કહે છે. કર્મ કરવાની તો 'ના' નથી. મોહપાશમાંથી છૂટવા સતત પ્રયત્નો તો કરવા પડે. સાથે સદ્ગુરુનો સહારો પણ મળવો જોિએ. અનાસક્ત ભાવે કરાયેલા કર્મો તથા યોગ્ય - માર્ગદર્શનથી વહેલા છૂટકારો પમાય. પણ કૃષ્ણ તો સ્પષ્ટ કહે છે તારે આ મોરુપી કલણને ઓળંગીને જવાનું છે. તેના તરફ દ્દષ્ટિ નાખ્યા વિના તેના બાહ્ય દર્શનથી આકર્ષાયા વિના પસાર થઇ જવાનું છે. વેદોમાં ભલે કર્મકાંડની પ્રશસ્તિ હોય. કર્મકાંડી બ્રાહ્મણો ભલે તેના ગુણગાન ગાતા હોય - તારે તો એ તરફ જરા પણ ધ્યાન આપ્યા વિના, જરાપણ ફસાયા વિના તારે જ માર્ગ કાઢવાનો છે.

લોકો તો ભાત-ભાતની વાતો કરવાના. વિષય ભોગમાંથી મળતા સુખને વખાણનારા પણ મળવાના. વાસનાથી પ્રેરિત મનોભાવો અનેક પ્રકારે ઊછાળા મારવાના જે ભોગો તે ભોગવ્યા છે. તેનું સ્મરણ થતાં મનમાં વારંવાર તે ભોગોને ફરી - ફરી ભોગવવાની પ્રબળ ઇચ્છાઓ જાગવાની, નાની મોટી વાતોમાં પણ લોકો એક બીજાથી વિપરીત વાતો કરીન જ આપણી બુદ્ધિને ભ્રમિત કરે છે. જેમ કે નાના બાળકોને કંઇ શાળામાં દાખલ કરવું તે અંગે તમો તમારા પાંચ મિત્રોને જો પૂછો તો પાંચેયના અભિપ્રાયો અલગ અલગ જ આવે. ફલેટ ખરીદવા કે નાણાંનું રોકાણ કરવા માટે પણ જો મિત્રોના અભિપ્રાયો લો તો પણ અલગ જ આવે. આ સૌ આપણા હિતચિંતકો તો હોય જ પણ સૌ પોતપોતાની કક્ષા અનુસાર માર્ગદર્શન કરાવે. હવે જો વ્યક્તિ પોતાના નિર્ણયમાં મક્કમ ન હોય તો તેનું ચિત્ત ચકડોળે ચડે. વારંવાર તે પોતાના નિર્ણયો બદલાવે શું સારું છે ને શેમાં સાચું સુખ તથા શાંતિ છે. તેની સમજ જ ન પડે. આથી ભગવાન શ્રીકૃષ્ણ કહે છે તું તમામ તર્ક છોડી દે છે. તારી બુદ્ધિ સ્થિર કર જયાં સુધી આસક્તિ છે. કામનાઓ છે ત્યાં સુધી બુદ્ધિમાં સ્થિરતા અનુભવાતી નથી. મન વારંવાર સત્તા, શ્રીમંતાઇ તથા વૈભવના વિચારે ચડી જાય છે. કદિ ન જોયેલા, ન સાંભળેલા એવા ભોગ ભોગવવાની એષણાઓ જાગે છે. આ વિશ્વની રચના જ એવા પ્રકારની છે કે જેમાં માનવ- મગજ કેન્દ્ર સ્થાને છે. તેથી તમારી પ્રબળ લાલસા જે પ્રકારની હોય. જેના માટે હોય. તે તમામ તમોને પ્રાપ્ત છે જ. ચારે બાજુ પાર વિનાની ભોગ - સામગ્રીના ઢગો ખડકાયા છે. બહાર નીકળતાં જ અનેક લોકો જાત ભાતની ચીજો તમારા માટે રજૂ કરતા રહે છે. જાત-જાતના વચનો સાંભળતા તમારી બુદ્ધિ વિચલિત થઇ જાય છે. શક્તિ તથા સામર્થ્ય હોય તો તમો વિશ્વ આખાને ખરીદી શકો. પરંતુ આનું પરિણામ હંમેશા નકારાત્મક જ આવે છે. આ ભોગ-સામગ્રી કદાચ સુખ-સગવડતા વધારતી હોય - પણ આનંદને પ્રાપ્ત કરાવી શકતી નથી. 'ભોગ નથી ભોગવાતા અમે ભોગવાઇ ગયા' આ વિષયકનો પાર પામવા માટે બુદ્ધિને પરમાત્મામાં અચળ તથા સ્થિરપણે સ્થાપવાની જરુર છે. મોહ માયાથી દુર થવા જ્ઞાન-કર્મ તથા ભક્તિના માર્ગો છે જ. પણ તે માટે મનમાં ભાવ-જાગવો જોઇએ. વિવેક જાગૃત થતાં વિષય - ભોગની નિસ્સારરતા ખ્યાલમાં આવે. માનવ-જીવનનું અંતિમ લક્ષ્ય મોક્ષ છે તે સમજાતા ભોગ પરત્વે વૈરાગ્ય જાગે. આ લોકમાં તથા પરલોકમાં ભોગ માટેની જે ભ્રમણાંઓ ઊભી કરવામાં આવી છે. તેનો અંત આવે. મનમાં જયારે શાંતિ સ્થપાય કે તુરંત સદ્ - અસદ્ વિષયક માન્યતાઓ સ્પષ્ટ થવા લાગે. ઇન્દ્રિયો પર આત્માનો કાબુ વધે. નિયંત્રિત ઇન્દ્રિયો ભલે પોત-પોતાના ક્ષેત્રોમાં સહજ ભાવે વર્તતા હોય પણ આત્મા કે મન તે સાથે ન જ ઘસડાયા પણ મન પ્રસન્નતા પામે. અને જે પ્રસન્નતા પામે તેની બુદ્ધિ તુરંત સ્થિર થઇ જાય.

આજના આપણા સમાજમાં પણ વિવિધ વ્યક્તિઓ પોતપોતાના મનઘડંત વાતો ફેલાવતા રહે છે. વ્યક્તિ વિષયક, રાજકારણમાં, વિવિધ મહાનુભાવો પરત્વેની સૌની દ્દષ્ટિ વિવિધ પ્રકારની હોય છે. વાણી - સ્વાતંત્ર્યના નામે ઘણાં પ્રકારના - વિષનો ફેલાવો થતો જાય છે ન ધારેલા તેવા જ્ઞાની - માણસો પણ ઢંગધડા વિનાની વાતો વહેતી મુક્તા હોય છે. સમાજ તો ગંગાનો પ્રવાહ છે. તેમાં ફૂલ પણ ચઢાવાય તથા 'શબ' પણ નખાય... માણસે પોતે સજાગ રહેવું જોઇએ. આ પ્રકારની વાતો પાછળના હાર્દને સમજી પોતાની બુદ્ધિ વિચલિત ન થાય તે જોવું જરુરી છે. લોકોની વાતોમાં પડ્યા વિના જ પોતાના સંકલ્પમાં દ્દઢતા રાખવી વૈરાગ્ય કેળવવાથી ચિત્ત શાંતિ અનુભવશે. વિષયોનું આકર્ષણ જયારે છૂટશે તથા પ્રાપ્ત પરિસ્થિતિમાં સહજ ભાવે જ જીવન ગાળવાની પરમ - તત્ત્વ સાથે અનુંસધાન સધાય છે. વિવેક તથા વૈરાગ્ય દ્વારા મોહરુપી કલણને ઓળંગી જઇ મોક્ષના માર્ગે આગળ વધતા રહેવામાં જ સાચો પુરુષાર્થ છે.

# પિતાની ઇચ્છા પ્રમાણે એનો આભાર માનવા કરણ ખિસ્સામાંથી નોટોનું બંડલ કાઢી બાજુની રુમમાં ગયો, સામે બેડમાં વિનોદને જોતાં એના પગ જમીન સાથે જડાઇ ગયા

## પરોપકારી

- જય ગજ્જર

'સોરી સર, જરા મોડું થઇ ગયું...' વિનોદ ઓફિસે પહોંચતાં જ એના બોસ કરણને કહ્યું.

'જરા નહિ, પૂરા બે કલાક મોડા છો. બોલો, શું બહાનું છે?'

'સાહેબ, નીકળ્યો તો સમયસર, પણ રસ્તામાં એક કાકાને અકસ્માતનો ભોગ બનેલા જોયા. પોલીસના લફરાની બીકે કોઇ એમને હોસ્પિટલ પહોંચાડવા ગાડી ઊભી રાખતું નહીં. મને એમની દયા આવતાં હું એમને હોસ્પિટલ પહોંચાડવા ગયો એટલે...'

'તમે સેવાનો ઝંડો લઇને ફરો છો? નોકરી કરવાની આ કંઇ રીત છે? મોડા આવવાનાં બહાના પણ ઉપજાવી કાઢવામાં તમે ચાલાક થઇ ગયા છો. પણ આ જ હું તમારું આ બહાનું નહિ ચલાવી લઉં. યુ આર ફાયર્ડ...'

ગુસ્સે થઇને વિનોદને કંપનીમાંથી છૂટો કર્યો.

વિનોદે ઘરે પહોંચી પત્ની માયાને બધી વાત કરી બોસે નોકરીમાંથી છૂટા કર્યાના સમાચાર આપ્યા. એ સાંભળી માયા તાડૂકી, 'ધરમ કરવાનું ફળ મળ્યું ને? હવે કયાં નોકરી શોધવા જશો?'

'એક માનવીની જિંદગી બચાવવાનું પૂન્ય કામ કર્યું છે તો મારો રણછોડરાય મારી વહારે જરુર દોડી આવવાનો... મને નોકરીની જરા કે ચિંતા નથી. દાંત આપ્યા છે તો ચાવવું આપશે જ. ચાલ આપણે એ કાકાની ખબર કાઢવા જઇએ. પણ તું નોકરી વિષે એક શબ્દ પણ ના ઉચ્ચારીશ. બિચારાને મનદુઃખ થશે.'

'સાહેબ છૂટા જ કર્યા છે તો ચાલો.. લાખ ભેગા સવા લાખ... કો'ક દિવસ તો તમારા રણછોડારાયની કૃપા ઊતરવાની છે!' કાકાના અકસ્માતની વાત સાંભળી માયાનું હ્રદય પીગળ્યું હતું. કોઇની મદદે દોડી જવાની પતિની એ પરોપકારી ટેવ ઊંડે ઊંડે ભક્તિમાં લીન રહેતી માયાને ગમતી. એ તરત જ તૈયાર થઇ ગઇ.

બંને સિવિલ હોસ્પિટલ પહોંચ્યા. કાકા હજુ વોર્ડમાં બેહોશ પડ્યા હતા.

એ જોઇ વિનોદ તાડૂક્યો, 'ડોકટર સાહેબ હજુ આ કાકાનો કોઇ ઉપચાર નથી કર્યો? કેટલું બધું લોહી વહી ગયું છે? જલદી કરો...'

'એવું નથી ભાઇ, તમે મૂકી ગયા ત્યારના અમે એમના ગ્રુપના લોહીની તપાસમાં છીએ પણ આ નેગેટીવ બ્લડ કયાંય મળતું નથી. એટલે લાચાર છીએ! અમને બીક છે કે એકાદ કલાકમાં નહિ મળે તો એ કોમામાં ચાલ્યા જશે... ડોકટરે શાંતિથી નિરાશાજનક શબ્દોમાં કહ્યું.

'એમાં શી મોટી વાત છે? મારું બ્લડ ઓ પોઝીટીવ છે... લો, જલદી લઇ લો અને કાકાને બચાવી લો!'

'તમને ભગવાનને એમની મદદે મોકલ્યા લાગે છે. ચાલો બાજુની રુમમાં..' ડોકટરે લોહી તપાસી એ મળતું આવતાં લોહી લઇ એ કાકાને આપ્યું. લોહી મળતાં બે કલાકે કાકા ભાનમાં આવ્યાં.

'થેંક યુ, ડોકટર'

'મારો નહિ, આભાસ માનવો હોય તો બાજુની રુમમાં સૂતેલા ભાઇ હમણાં આવે ત્યારે એમનો આભાર માનજો. એ જ તમને અહીં લાવ્યા હતા અને એમને જ તમને રક્તદાન કરી તમારી જિંદગી બચાવી છે. હવે તમે તમારા કોઇ સગાને બોલાવી લો.'

કાકાએ એમના દીકરાને ઓફિસમાં ફોન કરતાં એ દોડી આવ્યો. પિતાની હાલત જોઇ કરણ પડી ભાંગ્યો અને પુછ્યું, 'પણ અકસ્માત થયો કેવી રીતે?'

'કોઇ મોટર સાઇકલની ટક્કર મારી ભાગી ગયું. ડોકટરનું કહેવું છે કે રસ્તા પર બેભાન અવસ્થામાં પડ્યો હતો ત્યાંથી કોઇ ભાઇ મને અહીં લાવેલા અને એમણે જ રક્તદાન કરી મારી જિંદગી બચાવી છે. જા જરી એ ભાઇનો તું આભાર માની આવ અને એ સેવાભાવી સજ્જનને મારા તરફથી પાંચ હજારની બક્ષિસ આપજે.'

પિતાની ઇચ્છા પ્રમાણે એનો આભાર માનવા કરણ ખિસ્સામાંથી નોટોનું બંડલ કાઢી બાજુની રુમમાં ગયો. સામે બેડમાં વિનોદને જોતાં એના પગ જમીન સાથે જડાઇ ગયા. એકદમ પોતાની ભૂલનો પસ્તાવો વ્યક્ત કરતાં કહ્યું, 'મારા ગુસ્સા અને ઉતાવળિયા નિર્ણય માટે મને માફ કરજે, વિનોદ! લે આ તારી બક્ષીસ અને કાલથી નોકરી આવી જજે! તું સાચે જ સેવાભાવી સજ્જન છે.'

'તમારી આસ્થા બહુ જલદી ફળી, મારા સેવાભાવી ભરથાર', કહેતાં માતાએ હસીને વિનોદને બેઠો કર્યો.